જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૧/૧૧/૨૦૨૧    સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**    **સમાચાર યાદી નં.૧૯૯૧/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૩૧/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૧૦ | ૧ | ૧૧૭૧૧ | ૧૭૮૨૦ | ૧ | ૧૭૮૨૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૧૭ | ૦ | ૧૧૭ | ૩૯૩ | ૦ | ૩૯૩ |
| ૪ | **Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ | ૭૩૨૭૧ | ૧૭ | ૭૩૨૮૮ | ૭૪૩૩૪ | ૧૭ | ૭૪૩૫૧ |
| કુલ | | ૮૯૮૩૧ | ૧૮ | ૮૯૮૪૯ | ૯૮૮૨૯ | ૧૮ | ૯૮૮૪૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯ | ૩,૦૯,૭૫૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૩ | ૩,૧૩,૦૦૦/- |

# ચોરી/ચીલઝડપના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઝોન-૧ (એલ.સી.બી.):

## પોકેટકોપની મદદથી અમદાવાદ શહેર તથા અરવલ્લી તથા મહીસાગર જીલ્લામાંથી થયેલ વાહન ચોરી તેમજ ચિલઝડપના મળી કુલ-૧૦ ગુના ડીટેક્ટ કરી આરોપીઓ પકડી પાડતી એલ.સી.બી. ઝોન-૧

અમદાવાદ શહેરમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નર શ્રી સાહેબના હુકમથી અધિક પોલીસ કમિ. શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી ઝોન-૧ પો સબ ઈન્સ.શ્રી કે.એલ.ખટાણા તથા મ.સ.ઇ જીવણભાઇ મેઘજીભાઇ બ.નં-૭૫૫૦ તથા મ.સ.ઇ રેવાભાઇ હમીરભાઇ બ.નં-૪૭૦૨ તથા અ.હેડ.કોન્સ મુકેશગીરી જગદીશગીરી બ.નં-૯૪૪૦ તથા પો.કોન્સ દિપકકુમાર ઇશ્વરભાઇ બ.નં-૬૨૮૬ તથા પો.કોન્સ વિપુલસિંહ પીરાજી બ.નં-૫૧૮૩ તથા પો.કોન્સ મહિપતસિંહ નરસિંહ બ.ન-૧૦૨૧૨ તથા પો.કોન્સ પરેશભાઇ ભગવાનભાઇ બ.નં-૮૪૬૩ નાઓ સાથે ઝોન-૧ વિસ્તારમાં આગામી દિવાળી તહેવાર અનુસંધાને ભીડભાડવાળી જગ્યાઓ ઉપર ચેઇન સ્નેચીગ તથા બેગ લિફટીગના બનાવો તેમજ અન્ય મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ નાસતા/ફરતા આરોપીઓ શોધવા સારૂ ઝોન-૧ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આરોપીઓ (૧) અનિલ ઉર્ફે અન્ના રાઇડર સ/ઓફ અમરતલાલ રાઠોડ (હરિજન) ઉવ-૨૭ ધંધો-મજુરીકામ રહે- કાલુભાઇ રબારીના મકાનમાં પાનવાડી સોસાયટીના સામે જોગણીમાતા મંદિર બાજુમાં હરીપુરા મણીનગર અમદાવાદ શહેર (૨) આર્યન ઉર્ફે અમન ઉર્ફે હાર્દિક સ/ઓફ ગુડ્ડુસિંગ ચોહાણ ઉવ-૨૭ ધંધો-મજુરીકામ રહે- કાનજીભાઇ રબારીના મકાનમાં સેવન ડે સ્કુલની પાછળ ત્રિપદા ફ્લેટની સામેની ચાલી હરીપુરા મણીનગર અમદાવાદ શહેર મૂળ રહે- ગામ-બહાદુરપુર તા-શોરીખ જી-કંનોજ ઉતર પ્રદેશ (૩) કલ્પેશ ઉર્ફે કાલુ સ/ઓફ ઘેનમલ જાતે હરીજન ઉવ-૨૦ રહે- એ-બ્લોક રૂમ-૧૦૪ ઉમંગ ફ્લેટ સદભાવના પોલીસ ચોકીની સામે વટવા અમદાવાદ શહેર મૂળ રહે- ગામ-બંકોડા તા- આસપુર જી ડુંગરપુર રાજસ્થાનનાઓને તા-૩૦/૧૦/૨૦૨૧ ના કલાક-૧૭/૧૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી પાસેથી પાંચ મોબાઇલ ફોન તેમજ કુલ-૧૦ વાહનો મળી કુલ્લે કિ.રૂ-૨,૦૫,૫૦૦/- મુદ્દામાલ રીકવર કરી તેઓ પાસેથી મળી આવેલ ચોરીના વાહનો બાબતે પોકેટકોપથી તપાસ કરતા કુલ ૧૦ ગુનાનો ભેદ ઉકેલી આરોપીઓ પાસેથી મળી આવેલ મુદામાલ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરવામાં આવેલ છે તેમજ પકડાયેલ આરોપી મુદ્દામાલ સહિત નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે સોંપી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.તા.૩૧/૧૦/૨૦૨૧

## શોધાયેલ ગુનાની વિગત

(૧) રામોલ પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૨૪૨૧૧૭૪૪ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) રામોલ પો.સ્ટે પાર્ટ "એ"૧૧૧૯૧૦૨૪૨૧૧૬૨૮ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૩) રામોલ પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૨૪૨૧૧૭૮૩ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૪) બાપુનગર પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૦૭૨૧૧૭૭૫ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૫) નારણપુરા પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૩૪૨૧૧૪૮૬ ઇ.પી.કો. કલમ ૩૭૯(૧),(૩),૧૧૪ મુજબ

(૬) ખોખરા પો.સ્ટે. પાર્ટ "એ"૧૧૧૯૧૦૦૩૨૧૧૪૯૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૭) મોડાસા ટાઉન પો.સ્ટે.(અરવલ્લી જીલ્લો)પાર્ટ"એ"૧૧૧૮૮૦૦૯૨૧૦૪૬૩ ઇ.પી.કો. કલમ ૩૭૯

(૮) બાકોર પો.સ્ટે. (મહીસાગર જીલ્લો) પાર્ટ "એ"૧૧૧૮૮૦૦૧૨૧૦૨૮૬ ઇ.પી.કો. કલમ ૩૭૯

(૯) અમરાઇવાડી પો.સ્ટે પાર્ટ 'એ"૧૧૧૯૧૦૦૪૨૧૧૫૫૭ ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબ

(૧૦) નિકોલ પો.સ્ટે પાર્ટ "એ"૧૧૧૯૧૦૧૫૨૧૧૫૨૧ ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ

## કબુલાત કરેલ ગુનાની વિગત

(૧) આશરે પોણા ચારેક મહિના પહેલા આરોપી કલ્પેશ ઉર્ફે કાલુ સ/ઓફ ઘેનમલ જાતે હરીજનનાઓએ સી.ટી.એમ.બ્રિજ એકસપ્રેસ હાઇવે તરફ જતા બ્રિજના છેડેથી બજાજ કંપનીનુ પ્લેટીના મો.સા. ચોરી કરેલાની કબુલાત કરેલ છે

(૨) રક્ષાબંધનના તહેવાર દિવસે આરોપી કલ્પેશ ઉર્ફે કાલુ સ/ઓફ ઘેનમલ જાતે હરીજન તથા આર્યન ઉર્ફે અમન ઉર્ફે હાર્દિક સ/ઓ ગુડ્ડુસિંગ ચોહાણનાઓએ કેડીલા બ્રિજના નીચે ઘોડાસર ગાર્ડન જવાના રસ્તે એકટીવા ચાલકની પાછળ બેઠેલ બેનના હાથમાંથી ચાલુ એકટીવામાં તેમની પાસે રહેલ બેગની ચિલઝડપ કરેલ જે બેગમાં મોબાઇલ તથા બે ચશ્મા તથા આશરે રોકડા રૂપિયા-૯૦૦/- હતા.

## આરોપીઓ પાસેથી કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ

(૧) યામાહા કંપનીનુ એફ.ઝેડ મોડલનુ કાળા કલરનુ મો.સા. જેની કિમત રૂપિયા- ૧૫,૦૦૦/- ગણી શકાય

(૨) હીરો હોન્ડા કંપનીનુ સી.ડી ડીલક્ષ મોડલનુ કાળા તથા વાદળી કલરનુ મો.સા. જેની આશરે કિ.રૂ-૧૫,૦૦૦/- ગણી શકાય

(૩) બજાજ કંપનીનુ પ્લસર મોડલનુ ગ્રે તથા બ્લેક કલરનુ મો.સા. જેની કિમત રૂ- ૨૫,૦૦૦/- ગણી શકાય

(૪) બજાજ કંપનીનુ પ્લેટીના મોડલનુ બ્લેક એન્ડ સિલવર કલરનુ મો.સા.જેની આશરે કિ-રૂ-૫,૦૦૦/- ગણી શકાય

(૫) હીરો હોન્ડા કંપનીનુ સી.ડી ડીલક્ષ મોડલનુ રેડ એન્ડ બ્લેક કલરનુ મો.સા. જેની આશરે કિ.રૂ-૨૦,૦૦૦/- ગણી શકાય (૬) હીરો હોન્ડા કંપનીનુ સી.બી.ઝેડ મોડલનુ બ્લેક એન્ડ સિલ્વર કલરનુ મો.સા.જેની આશરે કિ રૂ-૨૦,૦૦૦/- ગણી શકાય

(૭) બજાજ કંપનીનુ પ્લસર મોડલનુ બ્લેક કલરનુ મો.સા. જેની આશરે કિ રૂ-૩૦,૦૦૦/- ગણી શકાય

(૮) હીરો હોન્ડા  કંપનીનુ પેશન પ્રો મોડલનુ રેડ એન્ડ બ્લેક  કલરનુ મો.સા. જેની કિમત રૂ-૫,૦૦૦/- ગણી શકાય

(૯) હીરો હોન્ડા  કંપનીનુ  બ્લેક એન્ડ સિલવર કલરનુ સ્પલેન્ડર મોડલનુ  મો.સા. જેની  આશરે કિ રૂ-૨૦,૦૦૦/- ગણી શકાય

(૧૦) બજાજ કંપની બ્લેક એન્ડ રેડ કલરનુ પલ્સર મોડલનુ મો.સા જેની કિમત રૂ-૨૦,૦૦૦/- ગણી શકાય



# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન:

## વિશ્વાસઘાત છેતરપિંડી ગુનાના આરોપણ બેનને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) ગોમતીપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૮૨૧૧૧૮૪/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૨૭૦, ૧૧૪ મુજબ (૨) નરોડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૪૫૧/ ૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના ગુના દાખલ થયેલ જે આરોપણ બેન વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૦૪/૨૦૨૧ તા-૩૧/૧૦/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપણ બેનને તા-૩૧/૧૦/૨૦૨૧ ના કલાક-૧૭/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ વદોદરા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

તા.૩૧/૧૦/૨૦૨૧

### આરોપણ બેનનુ નામ -

આરતીબેન વા/ઓ કનૈયાલાલ રામપ્રવેશ યાદવ ઉ.વ.૩૦ હાલ રહે.મ.નં.એ/૩૦૬, મારુતિ હાઇટસ એપાર્ટમેન્ટ, મુઠિયાગામ, નરોડા, અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૯૯૪/૨૦૨૧**

**કાગડાપીઠઃ** જશીબહેન વા/ઓ કસ્તુરભાઇ દંતાણી (ઉ.વ.૬૫)(રહે.માણેકલાલ કાછીયાની ચાલી, સુપ્રીમ હોટલ પાછળ, બહેરામપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૨૦૨૧ ના કલાક ૪/૩૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી ચાંદીના સિક્કા કિંમત રૂપિયા ૧,૦૦૦/-, એક જોડી સોનાના વેડલા કિંમત રૂપિયા ૩૨,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૫/૨૦૨૧**

**નારોલઃ** રોશનભાઇ મનોહરલાલ મહેતા (ઉ.વ.૪૭) (રહે.નીલકંઠ રેસીડેન્સી, નારોલ) તા.૩૦/૧૦/૨૦૨૧ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નારોલ સરખેજ હાઇવે એશીયન રોડવેઝ ટ્રાન્સપોર્ટ થી આગળ રોડ પરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રોશનભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ રોશનભાઇ મહેતાએ નારોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૯૬/૨૦૨૧**

**નારોલઃ** પંકજભાઇ મહેન્દ્રભાઇ મકવાણા (ઉ.વ.૨૮)(રહે.રામનિવાસ સોસાયટી, ઘનશ્યામ પાર્ક સોસાયટી પાસે, સરકારી પંપની બાજુમાં, અસલાલી બારેજા હાઇ-વે ગામ જેતલપુર તા.દસક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧૦/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.